


**જ્ઞાનામૃત**
**બ્રહ્માકુમાર અનિલ**

શાળાએ જતાં ભૂલકાંઓનાં દોડતા પગ જોયા છે? સડક પર દોડતી જિદંગીઓ જોઈ છે? મોટરનાં પૈંડાંઓને દોડતાં જોયાં છે? હા, એ ગતિ છે. જડ કે ચેતનનું એ જીવન છે. ગતિ એ પ્રાણ છે. કામ એ આપણા જીવનની ગતિ છે. આળસ જિંદગીને જડ બનાવી દે છે, કેટલાક માનવીઓને મન કામ એ જ આરામ હોય છે તો કેટલાક માનવીઓ આરામમાં જ ક્ષણે-ક્ષણે મૃત્યુ પામતાં હોય છે કારણ કે શરીર આળસમાં હોય છે ત્યારે મન મૃત્યુ માર્ગે વળેલું હોય છે.

જિંદગી જીવવા જેવી છે. જો આપણે એને ગતિમાં જીવવાની ટેવ પાડીએ તો માણસનો સંકલ્પ જો વિકલ્પ રહિત હોય તો એને સિધ્ધ થતાં વાર લાગતી નથી. ત્યારે માનવી ગતિમાંથી એક કદમ પ્રગતિ તરફ આગળ વધતો અનુભવે છે. ત્યારે ધીરે ધીરે સિધ્ધિનાં સોપાન સર કરતો જાય છે. સિધ્ધિ એને જઈ વરે છે જેની મન-બુધ્ધિ અણીશુદ્ધ પવિત્ર બનતી જાય. પ્રગતિનું પહેલું પગથિયું એટલે સમર્થ સંકલ્પ. આ વાતને આપણે એક દૃષ્ટાંતથી સમજીએ.

એક વખત ભગવાન બુદ્ધને તેના શિષ્યોએ પૂછ્યું, ‘‘ભગવાન આ સંસારમાં સૌથી વધારે બળવાન ચીજ કઈ છે?’’ ખૂબ સુંદર પ્રશ્ન છે. ભગવાન બુદ્ધે આંખો ખોલીને કીધું ‘માટી’ (ધૂળ). સાચી વાત છે કેમ કે માટી કરકરી હોય તો પગમાં ખૂંચે, આંખોમાં ઊડે તો દુખાવો થાય માટે માટી બળવાન છે. શિષ્યોએ ફરી પૂછ્યું, ‘‘ભગવાન હવે કહો માટીથી પણ વધારે બળવાન શું છે?’’ બુદ્ધે કહ્યું, ‘પથ્થર’ ફરી પ્રશ્ન. પથ્થરથી વધારે બળવાન શું? બુદ્ધે જવાબ આપ્યો, લોખંડ. સીધું ગણિત છે. લોખંડ પથ્થરથી બળવાન છે. શિષ્યગણે ફરી પૂછ્યું, કૃપા કરી બતાવો કે લોખંડથી બળવાન કઈ ચીજ છે. ભગવાને કહ્યું ‘અગ્નિ’(આગ). સાચું છે. અગ્નિ લોખંડને પીગળાવી દે છે.

શિષ્યોએ સવાલ આગળ વધારતાં પૂછ્યું, પ્રભુ અગ્નિથી બળવાન કોણ? જવાબ મળ્યો ‘પાણી.’ એ આગને પણ ઠારી દે છે. કૃપા કરી ભગવંત હવે કહો કે પાણીથી બળવાન કોણ? બુધ્ધે જવાબ આપ્યો કે ‘પવન.’ શિષ્યો કહે પવનથી તો પાણી બને છે. જેનાથી વાદળો બંધાય છે. પવનમાં તાકાત છે પાણી વરસાવવાની. ફરી શિષ્યે પૂછ્યું છેલ્લે કૃપા કરી સમજાવો કે પવનથી બળવાન કોણ છે? ત્યારે બુધ્ધ ભગવાને કહ્યું કે “તમારો પોતાનો સમર્થ- સંકલ્પ, માનવી ધારે ત્યારે એના ‘સમર્થ- સંકલ્પ’ દ્વારા એ એના લક્ષ્ય સુધી પ્રગતિ કરી પ્રભુચિંતન દ્વારા સદગતિ તરફ સકારાત્મક વિચારો કરતાં પરમ સુખ-શાંતિ અને આનંદનો અનુભવ કરતો રહે છે.

આપણે ગતિની વચ્ચે અને ગતિના આધારે જીવતાં હોવા છતાં ઘણી વાર ગતિનું મૂલ્ય ઓછું આંકીએ છીએ. સૂર્ય પણ પ્રકાશ આપવા માટે સતત સળગ્યા કરે છે એટલે કે સતત ગતિમાં રહે છે. જો સૂર્ય, ચંદ્ર કે પૃથ્વી ગતિશૂન્ય બની જાય તો જીવન નામશેષ થઈ જાય છે. એટલે દરેક માનવી પોતાની જિંદગીને દોડતી રાખવા ઈચ્છે છે. એટલે ગતિથી પ્રગતિ તરફ અને પ્રગતિથી સદગતિ તરફ આગળ વધતો જ રહે છે. પડતર લોખંડને કાટ જલ્દી લાગે છે, તેવી જ રીતે પડતર જિંદગી પણ મૂલ્યહીન બની જાય છે. શ્રમ એ ગતિ છે. ગતિમાં જીવન છે અને જીવનમાં પ્રાણ છે અને પ્રાણ જ સદગતિ તરફ લઈ જતો આપણો પરમેશ્વર છે. બાળક જેવું મોટું થવા માંડે છે તેની સાથે જ આપણે તેને ચાલવાનું શીખવીએ છીએ કારણ કે આપણે જાણીએ છીએ કે ગતિશીલ લોહી જ હૃદયને ધબકતું રાખી શકે છે. એટલે કે ગતિ વગર જીવન નથી.

વ્યકિતની પ્રગતિ ભૌતિક સાધનો સુધી સીમિત ન હોવી જોઈએ. સાધનોથી પર સાધના સુધીની હોવી જોઈએ. એની સતત તકેદારી રાખવી પડે, તે વ્યકિત સફળ થાય છે, જે સાધનાના બળે પ્રભુતાને પચાવી જાણે. નકારાત્મક વિચારોની દીવાલો તોડીને જો આગળ વધીએ તો જ સકારાત્મક વિચારોને જગ્યા મળે અને ત્યારે જ સદગતિના દરવાજા ખૂલતા જાય.

માનવીએ જીવનમાં ગતિ-પ્રગતિ માટે ભાગવાની જરૂર નથી, અંદરથી જાગવાની જરૂર છે. જાગો અને જાગૃત થઈ જાઓ અને પરમ ચેતના-પરમાત્મા શિવ તરફ આંતરમનને દિશા આપીએ. જે વ્યકિત પ્રભુસ્મરણ સાથે રાત્રે સૂઈ જાય અને સવારમાં પ્રભુસ્મૃતિમાં ઉત્સાહ સહ જાગી જાય તો એ વ્યકિતને આધ્યાત્મિક વ્યકિત સમજવો. પ્રતિભા અને પ્રતિમામાં ફેર છે. પ્રતિભા પ્રભુચિંતન સાથે પોતાનામાંથી પેદા થાય છે.

> પડતર લોખંડને કાટ જલ્દી લાગે છે, તેવી જ રીતે પડતર જિંદગી પણ મૂલ્યહીન બની જાય છે. શ્રમ એ ગતિ છે. ગતિમાં જીવન છે અને જીવનમાં પ્રાણ છે અને પ્રાણ જ સદગતિ તરફ લઈ જતો આપણો પરમેશ્વર છે

જો માનવીમાં પ્રામાણિકતા સાથે પવિત્રતા અને પ્રસન્નતા હશે તો પરમાત્મા આપણાથી દૂર નથી. સદગતિ પણ આપણાથી દૂર નથી.

મિત્રો, ચાલો આપણે આળસને ખંખેરી નાંખીએ, સતત દોડતા રહીએ. જીવનને ગતિથી પ્રગતિ તરફ લઈ જતા રહીએ. સદગુણ ધારણ કરતાં રહીએ અને પરમાત્મ ચિંતન નિરંતર કરતાં રહીએ તો સદગતિ જીવનમાં અનુભવાતી રહેશે ને એવી સદગતિ આપણે આપણા સહપરિવાર, મિત્રમંડળને અપાવવા માટે પ્રેરણાસ્ત્રોત બનીએ એવી શુભ ભાવનાઓ સાથે ઓમ શાંતિ.

---

# ધારે તે થાય...

**જીવનની વચ્ચોવચ્ચ શ્રીમદ્ ભગવદ્ ગીતા**
**સાધુ જ્ઞાનાનંદદાસ**

ગામડાની એક શાળામાં વર્ગખંડોને હૂંફાળા રાખવા એક કોલસાનો ચૂલો રાખવામાં આવેલો. તેને પેટાવવાની જવાબદારી એક છોકરાને સોંપાઈ હતી. એક દિવસ સવારે શિક્ષકો અને વિદ્યાર્થીઓએ આવીને જોયું કે શાળાનું મકાન ભડકે બળતું હતું. પેલા છોકરાને માંડ માંડ બહાર કાઢ્યો. તેનું અડધું શરીર ખરાબ રીતે દાઝી ગયેલું. ડૉક્ટરોએ છોકરો નહીં બચે તેવી આગાહી કરી પરંતુ તેણે મનમાં નિશ્ચય કર્યો કે : ‘મારે જીવવું જ છે.’ આવા દૃઢ મનોબળને કારણે તે જીવી ગયો પરંતુ ડૉક્ટરોએ કહ્યું : ‘‘છોકરો જીવી તો ગયો છે પણ તેના પગ વાંકા રહી જશે અને તેનો ઉપયોગ તે જીવનમાં ક્યારેય નહીં કરી શકે. ત્યારે છોકરાએ ફરી મનમાં ધાર્યું કે : ‘મારે અપંગ નથી રહેવું, મારે ચાલવું છે’ પરંતુ તે અશક્ય હતું. કારણ, તેના બંને પગ નિર્જીવ થઈ ગયેલા.

ઘરે આવ્યા પછી તેની માતા રોજ તેના બંને પગે માલિશ કરી આપે તો પણ તેને સ્પર્શનો અનુભવ થતો નહીં. છતાં તેનું ચાલવાનું ધ્યેય તો દૃઢ જ હતું. તેને વ્હીલચેરમાં જકડાઈ રહેવું ન ગમતું હોવાથી તેની માતા તેને દરરોજ બગીચામાં લઈ જતી.

એક દિવસ બાળકે હિંમત કરી પોતાની જાતને વ્હીલચેરમાંથી નીચે ફેંકી અને ઘાસમાં ઘસડાવા માંડ્યું. ઘસડાતાં-ઘસડાતાં બગીચાની વાડ સુધી ગયો અને મહામુશ્કેલીથી ઊંચો થયો. રોજ તે પ્રમાણે કરતો અને અથાક મહેનતને પરિણામે તે એક દિવસ પોતાના પગ



પર ઊભો રહી શક્યો. પછી તો ધીરે-ધીરે ચાલવા લાગ્યો. પછી નક્કી કર્યું કે મારે દોડવું છે, તો દોડવા પણ લાગ્યો. તેને દોડવામાં ખૂબ આનંદ આવતો. કૉલેજમાં તેણે એક ટ્રેક ટીમ પણ બનાવી.

જે છોકરો જીવતો બચે તેમ નહોતો, જે ક્યારેય ચાલી શકે તેમ નહોતો, તે બાળક યુવાન વયે તે સમયનો વિશ્વનો ઝડપી દોડવીર બન્યો. તેનું નામ ગ્લેન કનિંગ્હમ. હા, અથર્વવેદ કહે છે કે સ્વભુજબળથી આપણે આપણું ભવિષ્ય નિર્માણ કરી શકીએ છીએ. હા, જ્યારે મન નિર્ધાર કરે છે, ત્યારે અશક્ય પણ તેના પગલાંને રસ્તો આપે છે.

ખરેખર, પાંખો વિના ઊડવાની અને પગ વિના દોડવાની તાકાત ધારણશક્તિ પર રહેલી છે.

એટલે જ એક પંક્તિ આપણને સાર્થક થતી જણાય,

કદમ અસ્થિર હોય તેને રસ્તો કદી જડતો નથી,
અડગ મનના મુસાફરને હિમાલય પણ નડતો નથી.

જે વ્યક્તિ મનમાં ધારે અને તેને સમર્પિત થઈને યોગ્ય પુરુષાર્થ કરે તો તે વિશ્વની અપ્રતિમ સિદ્ધિઓને હાંસલ કરે છે.

એક બાળકે શાળાની દીવાલ પર મૂકેલા દુનિયાના સાત ખંડોના ઊંચા પહાડોનું ચિત્ર જોઈ વિશ્વની ટોચે પહોંચવાનું ધ્યેય બાંધ્યું. ૨૨ મે ૨૦૧૦ ના દિવસે ૧૩ વર્ષીય બાળક જોર્ડન રોમેરોએ એવરેસ્ટ સર કરી વિશ્વના સૌથી નાની વયની એવરેસ્ટ સર કરનાર વ્યક્તિ તરીકેનો રેકોર્ડ સ્થાપ્યો. તે કહે છે : ‘‘વિશ્વની ટોચ પર પહોંચવું એ મારા જીવનનું મોટામાં મોટું ધ્યેય હતું. જે હું બને તેટલું જલદી પાર પાડવા માગતો હતો.

ભગવાન સ્વામીનારાયણ પણ પોતાના ગ્રંથ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણના ૩૩માં કહે છે : “મનુષ્ય દેહે કરીને ન થાય તેવું શું છે ?” ખરેખર, મનુષ્ય દેહે કરીને વ્યક્તિ ધારે તે કરી શકે છે. દુનિયાને અશક્ય લાગતાં કાર્યો શક્ય કરી શકે છે...

યુરીએ ચંદ્ર પર જવા માટે ધાર્યું તો તે ચંદ્ર પર પહોંચ્યો, વિલિયમ પીટે ધાર્યું તો ૨૪ વર્ષે Light Bulb ની શોધ કરી વિશ્વને અંધકારમાંથી બહાર કાઢ્યું.

> માણસની અંદર અસીમ શક્તિ સુપ્ત છે પરંતુ તે ત્યારે જ પ્રગટે છે જ્યારે માત્ર વિચાર નથી રહેતી પણ શ્વાસ બની જાય છે

શ્રીનિવાસને ધાર્યું તો ગણિતનાં - ૬૦૦૦ પ્રમેયો લખી ગણિત જગતના માપદંડ બદલી નાખ્યા.

પ્રમુખસ્વામી મહારાજ કહેતા કે, “માણસ ભગવાનમાં શ્રદ્ધા રાખીને જ્યારે નક્કી કરે, ત્યારે કિસ્મત પણ તેની સામે નમન કરે છે. માણસની અંદર અસીમ શક્તિ સુપ્ત છે પરંતુ તે ત્યારે જ પ્રગટે છે જ્યારે માત્ર વિચાર નથી રહેતી પણ શ્વાસ બની જાય છે. જ્યારે દરેક પગલું ડર સામે બળવો બને છે ત્યારે ‘અશક્ય’ શબ્દ પોતે જ અર્થહીન થઈ જાય છે. આવી માનસિકતા વિકસે ત્યારે ભલે પગલાં ધ્રૂજતાં હોય તો પણ, અંતે એ જ શિખર સુધી પહોંચે છે. પર્વતોને ઝૂકાવનાર બળ બહાર નથી, એ તો અંતરના વિશ્વાસમાં વસે છે. એક હૃદય જ્યારે જાગે ત્યારે દુનિયાને બદલવાની શક્તિ પેદા થાય છે.”

એટલે જ કહેવાયું છે,

પરાગ જો અંતરમાં હશે, તો તે પાંગરીને કદી પુષ્પ ખીલશે;
મનોરથો સ્વપ્ન મહીં હશે, તો સિદ્ધિરૂપે કાર્ય વિષે જ જન્મશે. (ઉ.શ. જોશી)